**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૧/03/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૫૩/૧૮**

## અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર ઉપર આશરે ૧૨૬૪ જેટલા ફોન કરી બિભત્સ ગાળો બોલતાં ઇસમને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ કેટલાક સમયથી એક અજાણ્યા ઇસમ અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર ઉપર ગાળો બોલી હેરાન કરતો હોય જે બાબતે તપાસમાં રહી કાયદેસર કરવા સુચના કરેલ જે સુચના આધારે પોસઇ શ્રી એએ.દેસાઇ તથા પોસઇ શ્રી એમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ તપાસમાં હતી. જેથી IMEI નં.૯૧૧૪૯૩૪૦૮૩૯૧૬૨૦ ના ધારકની તપાસમાં હતાં. દરમ્યાન આજરોજ પેટ્રોલીંગ ફરતા ફરતા નારોલ સર્કલ પાસે આવતા જાણવા મળેલ કે ઉપરોક્ત મોબાઈલ ફોનનો ધારક નારોલ મટન ગલીમાં આવેલ ગોપી નામની ફેક્ટરીમા નોકરી કરતો હોવાનુ જાણવા મળતા હકીકતવાળી જગ્યાએ જઇ સદરી ઇસમને પકડી તેનું નામઠામ પુછતા ઈશ્વરભાઈ ઝેણાભાઈ ભોઈ ઉ.વ.૪૦ ગામ.કમોડ ભોઈવાસ તા.દસકોઈ જી.અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ જેની પુછપરછ કરતાં પોતે પોતાના મોબાઈલ ફોનમા મો.ન.૮૪૦૧૯૦૯૧૮૮ તથા ૯૧૩૦૭૪૧૨૩૩ નો ઉપયોગ કરતો હતો અને અવારનવાર મોબાઈલ ફોનથી ખોટી રીતે હેરાન કરવાના ઈરાદાથી પોલીસ કંટ્રોલના ૧૦૦ નંબર ઉપર ફોન કરી ગાળો બોલી મજા લેતો હોવાનું જણાવેલ જેથી આ બાબતે માધુપુરા પોસ્ટે. સે.ગુ.ર.ન.૩૧૩૫/૧૮ ઇપીકો કલમ ૨૯૪(ખ) મુજબનો ગુનો દાખલ થયેલ હોય તેની પાસેનો મોબાઈલ ફોન કાળા કલરનો ઈન્ટેક્ષ કંપનીનો કિરૂ.૫૦૦/- ગણી સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી આરોપીને આજરોજ તા.૨૧/03/૨૦૧૮ ના કલાક ૧૩/30 વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરવામાં આવેલ છે

સદરી ઇસમ અગાઉ આશરે ત્રણેક વર્ષ પહેલાં ૧૦૮ માં ખોટી રીતે ફોન કરી નરોડા પોલીસ સ્ટેશનમાં ખાતે પકડાયેલ છે આ આરોપી અભણ છે જેના લગ્ન થયેલ અને થોડાક વર્ષોમાં તેની પત્ની છોડીને જતી રહેલ છે અને તેને કોઇ સંતાન નથી સદરી ઇસમ હાલમાં નારોલ સર્કલ પાસે મટનગલીમાં આવેલ ગોપી નામની કાપડની ફેકટરીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.